**<u>આંક– ૧ નીચે હુકમ</u>**

૧. સદર કામે આરોપી સામે પ્રોહિ એકટની કલમ–૬૫(એ)(એ)મુજબનું ચાર્જશીટ આ કામે રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આજ રોજ સ્પે. સીટીંગના પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ છે.ત્યારબાદ આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડ. ની કલમ–૨૪૦ અન્વયે ચાર્જફ્રેમ કરી પ્લી રેર્કડ કરતા તેણે સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

૨. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી અદાલત સમક્ષ જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારૂ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ કોઇપણ પ્રકારનો દારુનો ધંધો કરેલ નથી. અમારી પાસેથી દેશી દારુ મળી આવ્યા માત્રનો આક્ષેપ છે.અમારી આર્થિક પરિસ્થતિ સારી ન હોય ઉપરાંત કાયમી રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર અદાલતમાત્ર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતો એ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં અમારો, કોર્ટનો તેમજ નાણાનો વ્યય થાય તેવા ઉદ્દેશથી વિન્રમ માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. સદર આરોપી ને કબુલાત સબબ જણાવવામાં આવેલ છે કે તેઓ કબુલાત કરવા બંધાયેલ નથી અને તેમછતા કબુલાત કરશે તો કાયદાનુસાર મહત્તમ સજા થઇ શકે છે. તેમછતા, તેઓએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલ છે.વધુમાં આરોપીને વિનામુલ્યે કાનુની સહાય મળી શકે તે બાબતે જણાવતા પણ પોતે વકીલ નહી રોકવા માંગતો હોવાની રજુઆત કરેલ છે.

૩. સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે દેશી દારુ પોતાના કબજામાં રાખેલ હોવા સંદર્ભેનો આક્ષેપ છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના સરકારી અમલદાર, ફરીયાદી, સાહેદ, પંચો, સરકારી અધિકારી, તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી.આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ છે ત્યારે તેણે ગુના કબુલ સદંર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જ્યારે સ્વેચ્છાએ સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછીમાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાય રહે તેમ હોઈ ઉપરોક્ત સંજોગે ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છુ.

**<u>–હુકમ–</u>**

આ કામ ના આરોપી **દિલીપભાઈ રમણભાઈ પરમાર**નાઓને ક્રિ.પ્રો.કોડ.ની કલમ– ૨૪૧ અન્વયે પ્રોહીબિશન એક્ટની કલમ– ૬૫(એ)(એ)ના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રોહીબિશન એક્ટની કલમ– ૬૫(એ)(એ)ના ગુના **સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ .૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરાનો દંડ** કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન– ૦૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૦મી, માહે–જુલાઇ, સને –૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
મુ. વડોદરા.

(પી.જે.સુરતી)
૭માં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,વડોદરા.
જી.જે૦૧૫૭૦
સ્પેશીયલ સીટીંગ